# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-02-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

----------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# BHARAT TAXI AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, ભારત ટૅક્સીના ચાલક હવે ડ્રાઇવર નહીં, સન્માનની સાથે સારથિ કહેવાશે. નવી દિલ્હીમાં દેશની પહેલી સહકારી ક્ષેત્રની ટૅક્સી સેવા “ભારત ટૅક્સી”ના દેશભરના સારથિઓ સાથે સંવાદ કરતા શ્રી શાહે કહ્યું, મહિલા ટૅક્સીચાલકોને આત્મનિર્ભર અને સશક્ત બનાવવા માટે ભારત ટૅક્સી “સારથિ દીદી”ની વ્યવસ્થા લાગૂ કરશે અને તેમાં મહિલાઓની સુરક્ષાને પ્રાથમિકતા અપાશે.

અમદાવાદના ચાલકે ભારત ટૅક્સીની સુવિધા અંગે કરેલા પ્રશ્નનો જવાબ આપતા શ્રી શાહે કહ્યું, ભારત ટૅક્સીમાં બધુ પારદર્શક રીતે થશે. સારથિઓને તમામ માહિતી નોટિફિકેશનના માધ્યમથી અપાશે અને ભારત ટૅક્સી વિશ્વની સૌથી પારદર્શક કેબ સેવા બનશે.

(BYTE: AMIT SHAH, HOME MINISTER)

ભારત ટૅક્સી સારથિઓના વિકાસને પ્રાથમિકતા આપતા તેમને રાહત દરે અને સરળ ધિરાણની સુવિધા ઉપલબ્ધ કરાવાશે તેમજ તેમનો વીમો પણ સુનિશ્ચિત કરાશે તેમ શ્રી શાહે ઉંમેર્યું.

. . . . . . . . . . . . .

# GUJARAT VIDHANSABHA OVERALL

ગુજરાત વિધાનસભામાં મંત્રીઓએ ધારાસભ્યોના વિવિધ પ્રશ્નોના જવાબ આપ્યા. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, 31 ડિસેમ્બર 2025ની સ્થિતિએ ગત બે વર્ષમાં રાજ્ય સરકારને કુદરતી ગેસ અને ક્રૂડ ઑઇલથી છ હજાર 181 કરોડ રૂપિયાથી વધુની આવક થઈ છે. કૉંગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડાના પ્રશ્ન અંગે પેટ્રો-રસાયણ મંત્રી ઋષિકેશ પટેલે ગૃહમાં જવાબ આપ્યો.

જ્યારે , કૉંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીના પ્રશ્નનો જવાબ આપતા સરકારે ગૃહમાં અમદાવાદ અને ગાંધીનગરમાં ગત બે વર્ષમાં પાણીજન્ય રોગચાળાના આંકડા રજૂ કર્યા. તે મુજબ, ગાંધીનગરમાં 14 હજાર એક અને અમદાવાદમાં 22 હજાર 262 પાણીજન્ય કેસ નોંધાયા.

બીજી તરફ, અમદાવાદની સિવિલ હૉસ્પિટલને 21 જાન્યુઆરી 2024થી 20 જાન્યુઆરી 2026 સુધીમાં લિકર પરમિટ માટે એક હજાર 248 નવી અરજી મળી છે. પરમિટ માટેની ફીથી રાજ્ય સરકારને 16 કરોડ 51 લાખ 83 હજાર રૂપિયાની આવક થઈ છે. કૉંગ્રેસના ધારાસભ્ય ઇમરાન ખેડાવાલાના આ પ્રશ્ન અંગે આરોગ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ આ જવાબ આપ્યો હતો.

. . . . . . . . . . . . .

# CM ISKCON PROG GNR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, આંતર-રાષ્ટ્રીય કૃષ્ણ ભાવનામૃત સંઘ-ઇસ્કોન દ્વારા ભગવાન શ્રીકૃષ્ણના વિચાર વિશ્વભરમાં પહોંચાડાયા છે.

ગાંધીનગરમાં "વિશ્વગુરુ શ્રીલ પ્રભુપાદ" પુસ્તક વિમોચન કાર્યક્રમને સંબોધતા શ્રી પટેલે કહ્યું, શ્રીલ ભક્તિવેદાન્ત સ્વામી પ્રભુપાદજીએ કૃષ્ણ ચૈતન્યના માધ્યમથી સમગ્ર વિશ્વમાં પરમાત્માની ભક્તિના મહાત્મ્યનો પ્રસાર કર્યો. ઇસ્કોને વૈશ્વિક સ્તરે "વસુધૈવ કુટુમ્બકમ્"ના આદર્શને પણ જીવંત કર્યો હોવાનું શ્રી પટેલે ઉંમેર્યું.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

. . . . . . . . . . . . .

# BHAVNGAR DRUGS SEIZED

ભાવનગરમાં શિહોર પોલીસે 10 કરોડ રૂપિયાથી વધુનો કેફી પદાર્થ કબજે કર્યો છે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, પોલીસે શિહોર તાલુકાના સખવદર અને સર ગામમાંથી એક કિલોથી વધુના કેફી પદાર્થ સાથે બે લોકોની ધરપકડ કરી છે. સાથે જ પોલીસે તેમની પાસેથી 10 કરોડ 92 લાખ રૂપિયાથી વધુનો માલસામાન કબજે કર્યો છે.

. . . . . . . . . . . . .

# HARGHAR SWADESHI GNR

ગાંધીનગરમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ મહિલાઓ દ્વારા તૈયાર કરાયેલી વસ્તુઓના પ્રદર્શન સહ-વેચાણ મેળાનો પ્રારંભ કરાવ્યો. હરઘર સ્વદેશી ઘરઘર સ્વદેશી અભિયાન અંતર્ગત વિધાનસભા સંકુલ બહાર યોજાયેલા આ મેળામાં 10 જેટલી સ્વદેશી વસ્તુઓના મંડપ લગાવાયા છે. આ અગે શ્રી ચૌધરીએ વધુ માહિતી આપી.

(BYTE: SHANKAR CHAUDHARY, ADHYAKSH, GUJARAT VIDHANSABHA)

. . . . . . . . . . . . .

# WEATHER FORECAST

રાજ્યમાં વહેલી સવારે કેટલાક જિલ્લામાં વાતાવરણમાં પલટો આવ્યો હતો. ગાંધીનગરમાં પણ વાદળછાયા વાતાવરણ વચ્ચે વિવિધ સેક્ટર, વાવોલ, કુડાસણ, સરગાસણ સહિતના વિસ્તારમાં સામાન્ય વરસાદી છાંટા જોવા મળ્યા. જ્યારે અરવલ્લીના ધનસુરા પંથકમાં પણ વરસાદના છાંટા પડતા ખેડૂતો ચિંતામાં મુકાયા હતા.

. . . . . . . . . . . . .